# અરજદારો માટે પ્રક્રિયા સરળ બનાવવા સીટી ઓફ બ્રેમ્પટન લગ્નના લાયસન્સ ID (ઓળખપત્ર) ની યાદી એકીકૃત કરી રહ્યા છે

બ્રેમ્પટન, ઓન્ટારિયો (21 ઑક્ટોબર 2021) – લગ્નના લાયસન્સ માટે અરજી કરવાનું લોકો માટે વધુ સરળ બનાવવા સિટી હવે સ્વીકાર્ય ID ની બે યાદી (પ્રાથમિક અને દુય્યમ) દૂર કરીને હવે એક જ યાદી અપનાવશે જે IDના તમામ સ્વીકાર્ય સ્વરૂપો રેખાંકિત કરશે. અગાઉ, અરજદારોએ બે પ્રાથમિક ઓળખપત્રો અથવા એક પ્રાથમિક અને એક દુય્યમ ઓળખપત્ર બતાવવાની જરૂર પડતી હતી.

નવેમ્બર 1ના રોજથી સરકાર દ્વારા જારી કરેલ ID (ઓળખપત્ર)ના સ્વીકાર્ય સ્વરૂપોમાં નીચે આપેલ છે તેનો સમાવેશ થશે:

- કેનેડિઅન પાસપોર્ટ અથવા કેનેડિઅન પ્રવાસ દસ્તાવેજ
- કોઈ અન્ય દેશનો પાસપોર્ટ
- જન્મનો દાખલો
- કેનેડિઅન સિટિઝનશીપ કાર્ડ અથવા પ્રમાણપત્ર
- ડ્રાઇવિંગ લાયસન્સ
- સરકાર દ્વારા જારી ફોટો આઈડી કાર્ડ
- પરમેનન્ટ રેસિડન્સ કાર્ડ
- સર્ટિફિકેટ ઓફ ઈન્ડિયન સ્ટેટસ કાર્ડ
- નેક્સસ (Nexus) કાર્ડ
- મિલિટરી કાર્ડ
- મિગ્રન્ટ લેન્ડિંગની નોંધ
- માન્ય કેનેડિયન રેફ્યુજી પ્રોટેક્શન ક્લેઈમન્ટ ડોક્યુમેન્ટ

લગ્ન લાયસન્સના અરજદારોએ નીચે આપેલ બાબતોની નોંધ લેવી:

- પ્રત્યેક અરજદાર દીઠ, બે (2) અલગ પત્રકો આવશ્યક
- બન્ને અલગ ઓળખપત્રકો (ID) મૂળ હોવા જોઈશે (પ્રમાણિત નકલો અસ્વીકાર્ય)
- બન્ને ઓળખપત્રોની સમાપ્તિ થયેલ ન હોય
- કોઈ એક ઓળખપત્રમાં ફોટો અવશ્ય હોવો જોઈએ
- કોઈ એક ઓળખપત્રમાં સહી અવશ્ય હોવી જોઈએ
- બન્ને ઓળખપત્રોમાં કાયદેસર નામ અને જન્મ તારીખ અવશ્ય હોવી જોઈએ
- બન્ને ઓળખપત્રોમાં પ્રથમ અને છેલ્લા નામનો મેળ ખાવો જોઈએ (અને વચ્ચેનું નામ/ટૂંકાક્ષર જો તે લગ્નના લાયસન્સ પર જોઈતું હોય)

- લાગુ હોય તો નામ બદલવાનું પ્રમાણપત્ર પૂરું પાડવાનું રહેશે
- તમામ ઓળખપત્રો અંગ્રેજી અથવા ફ્રેન્ચમાં જોઈશે (કોઈપણ દેશ) અથવા તેની સાથે તેનો અનુવાદ જોઈશે, જે અસોસિએશન ઓફ ટ્રાન્સ્લેટર્સ એન્ડ ઈન્ટરપ્રિટર્સ ઓફ ઓન્ટારિયો (ATIO) દ્વારા પ્રમાણિત હોવો જોઈએ.

લગ્નનું લાયસન્સ મેળવવા માટે રહેવાસીઓએ નીચેના પગલાં લેવાના રહેશે:

1. એપોઈન્ટમેન્ટ અહીં નક્કી કરો.
2. લગ્ન લાયસન્સ અરજી પૂર્ણ કરો, પ્રિન્ટ કરો, અને ખાતરી કરી લો કે બન્ને અરજદારો અરજી પર સહી કરે (ડિજિટલ સહી સ્વીકાર્ય નથી). એપોઈન્ટમેન્ટમાં માત્ર એક જ અરજદાર હાજર રહી શકશે.
3. પૂર્ણ કરીને સહી કરેલ લગ્નના લાયસન્સની અરજી જરૂરી હોય તેવા દરેક ઓળખપત્રો અને છૂટાછેડા (લાગુ હોય તો)ના દસ્તાવેજો સાથે નિયત એપોઈન્ટમેન્ટ પર સાથે લઈને આવવા.

તમામ જરૂરિયાતો માટે રહેવાસીઓ સિટીની વેબસાઈટ ની મુલાકાત લઈ શકે છે કારણકે જો કોઈપણ દસ્તાવેજ હાજર નહીં હશે તો લગ્નનું લાયસન્સ જારી કરી શકાશે નહીં. માહિતી એક કરતા વધુ ભાષાઓમાં ઉપલબ્ધ છે.

આ સમયે મર્યાદિત એપૉઈન્ટમેન્ટો ઉપલબ્ધ છે અને વૉક-ઈન એપૉઈન્ટમેન્ટ ઉપલબ્ધ નથી. આ સમયમાં નાગરિક વિવાહ સમારોહ રદ કરવામાં આવ્યા છે.

વધુ માહિતી માટે અને મેરેજ લાયસન્સ એપૉઈન્ટમેન્ટ બૂક કરાવવા www.brampton.ca ની મુલાકાત લો.

-30-

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ (Media and Community Engagement)
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca